# 1 છપ્પા

અખો

**(સમય : સત્તરમું શતક-પૂર્વાર્ધ)**

તેઓ અમદાવાદ પાસેના જેતલપુરના વતની હતા. 'બ્રહ્મલીલા', 'સંતપ્રિયા', જેવી હિન્દીમાં પણ કવિતાઓ લખી છે. 'છપ્પા' તેમનું સમર્થ સર્જન છે. 'અખાના છપ્પા', 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'બ્રહ્મલીલા', 'કૈવલ્ય ગીતા', 'પંચીકરણ', 'ગુરુશિષ્યસંવાદ' એમની પ્રખ્યાત કૃતિઓ છે. તેઓ જ્ઞાની કવિ તરીકે વિખ્યાત છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'જ્ઞાનનાં ગરવા વડલા' તરીકે જાણીતા, જ્ઞાની કવિ અખાના આ બે છપ્પા છે. જેમાં તેમણે સમાજના રૂઢિચુસ્ત, ઢોંગી, બાહ્ય દેખાવવાળા લોકો પર સબળ, ધારદાર કટાક્ષ કર્યો છે. પ્રથમ છપ્પામાં સમાજમાં જોવા મળતા બે પરસ્પર વિરોધી જૂથોની વાત કરી છે. તેમાં રૂઢિચુસ્ત જૂથ નવીન વાત સ્વીકારવા તૈયાર નથી અને નવી વાત કરનારને દબાવી દે છે. બીજામાં બાહ્યાચારોમાં રાચતા પાંખડી, ઢોંગી લોકો પર કટાક્ષ કર્યો છે. આવા લોકો મૂરખ છે. એટલે જ તેઓ હીરો મૂકી પાણો પસંદ કરે છે.

---

1. એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.
   પાણી દેખી કરે સનાન, તુલસી દેખી તોડે પાન,
   એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત.

2. જ્યાં જોઈએ ત્યાં કૂડેકૂડ, સામાસામી બેઠા ઘૂડ
   કો આવી વાત સૂર્યની કરે, તે આગળ લેઈ ચાંચ જ ધરે.
   અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયા?
   અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડે પહાણ.

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી

**કૂડેકૂડ** છલ, કપટ, પ્રપંચ, કૂડકપટ **ઘૂડ** ઘુવડ **ઉત્પાત** દુ:ખ, તોફાન, અહીં ખોટી માન્યતા **સૂર્ય** રવિ, ભાનુ, આદિત્ય

### વિરુદ્ધાર્થી

**દેવ** દાનવ **ડાહ્યા** ગાંડા

### તળપદા શબ્દો

**પહાણ** પથ્થર **સનાન** સ્નાન **મૂરખ** મૂર્ખ **દેખી** જોઈને

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) એક મૂર્ખને કેવી ટેવ છે?

(A) દરેક પથ્થરને ભગવાન માનવા લાગે છે. (B) તુલસીનાં પાન તોડે છે.

(C) પાણી જુએ ત્યાં સ્નાન કરવા બેસી જાય છે. (D) ઉપરના A - B - C ત્રણેય.

(2) અખો ઈશ્વર અંગે માને છે કે....

(A) ઈશ્વર ઘણા બધા છે. (B) ઈશ્વર એકથી વધારે છે.

(C) ઈશ્વર એક અને માત્ર એક જ છે. (D) ઈશ્વર જેવું કશું નથી.



Scanned with CamScanner

(3) સૂર્યના પ્રકાશનો અસ્વીકાર કોણ કરે છે?

(A) જ્ઞાની (B) ઘુવડ (C) કબૂતર (D) ડાહ્યા માણસો

(4) જ્યાં જોઈએ ત્યાં બધે જ શું દેખાય છે?

(A) કૂડેકૂડ (કપટ) (B) નિખાલસતા (C) પ્રકાશ (D) ડહાપણ

(5) મૂર્ખ કઈ વસ્તુ ત્યજીને પથ્થરને ઉપાડે છે?

(A) ધૂવડ (B) તુલસી (C) હીરો (D) પાણી

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) અખો કોને મોટો ઉત્પાત ગણાય છે?

(2) સૂર્યની વાત કરનારને ઘુવડ શો જવાબ આપે છે?

**3. નીચેના પ્રશ્નોના છ-સાત લીટીમાં જવાબ આપો :**

(1) અખાના છપ્પામાંથી તમને શું જાણવા મળ્યું? વિગતે લખો.

(2) જ્ઞાની હોવાનો દેખાવ કરતા અજ્ઞાનીઓ વિશે અખાના વિચારો વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- અખાના જીવન વિશે જાણી એના જીવનના મહત્ત્વપૂર્ણ વળાંક વિશે નોંધ તૈયાર કરો.
- અખાના છપ્પા મેળવી કંઠસ્થ કરો.
- તમને કોઈ માણસમાં જોવા મળેલી મર્યાદાઓ દૂર કરવા માટે તમે તેમને શું કરવાનું સૂચવશો તે જણાવો.

## ભાષા-અભિવ્યક્તિ

● સંસારમાં અજ્ઞાની અને ધૂંધળી સમજ ધરાવનારા માણસો હોય છે જે બીજાના જ્ઞાનને સહન કરી શકતા નથી. એ માટે કવિએ કરેલ 'ઘુવડ' શબ્દની પસંદગી કેવી સચોટ છે તે જુઓ.

● 'ઘણા પરમેશ્વર એ કયાંની વાત?' એકેશ્વરવાદનો મહિમા અખો અહીં એક જ પ્રશ્નથી સમજાવે છે. તીખા પ્રશ્નથી, કટાક્ષથી કવિ ધારદાર રીતે લોકોની ખામી તરફ ઈશારો કરે છે.

● છપ્પામાં છ પદ હોય છે. ટૂંકાણથી વિષમતા કે વિરોધાભાસ રજૂ કરવા માટે કવિએ અહીં ઘૂવડ અને સૂર્ય, હીરો અને પથ્થર જેવા બે સામા છેડાનાં પ્રતીકો લઈ છપ્પો અસરકારક બનાવ્યો છે તે જુઓ.

● છપ્પાની કેટલીક ચોટદાર પંક્તિઓ સમયાંતરે રૂઢ થઈને કહેવત બની જાય છે તે છપ્પાની અસરકારકતા સાબિત કરે છે. અહીં પણ એવી પંક્તિઓ છે તે જુઓ-

(1) મૂકી હીરો ઉપાડે પ્હાણ (2) પથ્થર એટલા પૂજે દેવ (3) સામાસામી બેઠા ઘૂડ

● અખો જેને 'મોટા' કહે છે તે હીરો છોડી પથ્થર પકડે એવા છે તે વક્રોક્તિ સમજો.

## શિક્ષકની ભૂમિકા

પોતાના વિચારોમાં સંકુચિતતા રાખનાર બીજાના સારા વિચારોના સ્વીકાર નથી કરી શકતો. આવી ઘુવડવૃત્તિ સામે વિદ્યાર્થીઓને સભાન બનાવવા.

માત્ર કર્મકાંડ કે દૈનિક ધાર્મિક ક્રિયાને જ ધર્મ સમજીને જીવનારો ખૂબ મોટો વર્ગ આપણા સમાજમાં છે. સાચો ધર્મ એ માનવધર્મ છે. તે સમજાવવા નીચે દર્શાવેલી ઉક્તિઓની ચર્ચા કરવી :

- બીજાને મદદરૂપ થવું.
- કોઈને છેતરવા નહિ
- બીજાનું લઈ લેવાની વૃત્તિથી દૂર રહેવું.

આ પ્રકારના વિચારબીજોનું વાવેતર કરી વિદ્યાર્થી સારો માણસ બને તેવું દિશાસૂચન કરવું. શિક્ષક પોતાના આચરણ દ્વારા વધુ શ્રેષ્ઠ રીતે આનું સંક્રમણ કરી શકે છે.

●



Scanned with CamScanner